Extra No. 49

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, FEBRUARY 13, 2026 / MAGHA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મોડાસાના જાવક નં.પીબી/૪૩૭/૨૦૨૬, તા.૦૫.૦૨.૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ(ખ)

(૩) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી/વશી/૫૮/૨૦૨૬, તા.૦૫.૦૨.૨૦૨૬

(૪) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક:LIB/રીસરફેસીંગ કામગીરી/વાહનડાયવર્ટ/૧૫૯/૨૦૨૬, તા. ૦૭.૦૨.૨૦૨૬

(૫) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસાનાઓના પત્ર નં.એમએજી/વશી/૩૩/૨૦૨૬, તા.૦૭.૦૨.૨૦૨૬

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) મુજબ

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૬૪/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મોડાસાનાઓએ વંચાણે લીધેલ પત્ર-(૧)ની વિગતે મેઘરજ-શણગાલ-ટીંટોઈ રોડ ઉપર રીસરફેસીંગની કામગીરી મંજુર થયેલ છે. સદર રીસરફેસીંગના ટેન્ડરની કામગીરીમાં કિ.મી. ૧૧૯/૩૦૦ થી ૧૧૪/૦૦ની વચ્ચે હયાત જુના એચ.પી. ડ્રેઈન તોડીને નવીન એચ.પી. ડ્રેઈન બનાવવાની કામગીરીનો સમાવેશ થયેલ છે. સદર ચેઈનેઝમાં બંને બાજુ ફોરેસ્ટ આવતું હોય નાળા બનાવવા માટે ડાયવર્ઝન બનાવવું શક્ય નથી. જેથી સદર કામગીરી કરવા અર્થે કિ.મી. ૧૧૪/૦૦ થી ૧૧૯/૩૦૦ ચેઈનેઝનો રસ્તો બંધ કરવો પડે તેમ છે. સદર ચેઈનેઝની લંબાઈમાં રસ્તો બંધ કરતા વૈકલ્પિક રૂટ તરીકે કુડોલ - ઉમેદપુર - જીતપુર -મેઘરજ તરફનો રૂટ મળી રહે તેમ છે. જે ધ્યાને રાખીને મેઘરજ-શણગાલ-ટીંટોઈ રોડ કિ.મી. ૧૧૯/૩૦૦ થી ૧૧૪/૦૦ની લંબાઈ માટે તા.૦૯.૦૨.૨૦૨૬ થી તા.૦૨.૦૩.૨૦૨૬ સુધી બંધ કરવા માટેનું જાહેરનામું પાડવા દરખાસ્ત રજુ કરેલ છે.

સદર બાબતે રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણે લીધેલ-૨ અન્વયે કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ વંચાણે લીધેલ પત્ર-૩થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે સંબંધિત અધિકારીઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૪ અને ૫ થી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.

વાસ્તે, હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ મેઘરજ-શણગાલ-ટીંટોઈ રોડ ઉપર રીસરફેસીંગની કામગીરી ચાલુ હોઈ જે અન્વયે રૂટ ડાયવર્ટ કરવો જરૂરી હોઈ સદર વિસ્તારનો રસ્તો જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૦૨.૦૩.૨૦૨૬ સુધી બંધ રાખવાનું જરૂરી હોઈ આ રોડ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું. આ સમય દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના અભિપ્રાય મુજબ ટીંટોઈ થી મેઘરજ જતા વાહનોને ડાઈવર્ટ કરી કુડોલ-જીતપુર-ઉમેદપુર-શણગાલ ચોકડીથી ડાયવર્ઝન આપવાના રહેશે.

વધુમાં, ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એકતરફી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તા.૧૩/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.03.09 15:13:01 IST